13મી ઑક્ટોબર, 2020

**પ્રિય મિત્રો અને પાડોશીઓ,**

COVID-19 સામે પ્રતિક્રિયા કરવાના Lakeridge Healthના પ્રયાસોની નવીનતમ માહિતી અમે જે તમારી સાથે વહેંચી તેને સારો એવો સમય વીતી ગયો છે.

પ્રમાણમાં સ્થિર કહી શકાય તેવો સમર અને પ્રારંભિક ફૉલ પછી ડરહમ ક્ષેત્રમાં તેમજ સમગ્ર ઑન્ટારિયોમાં COVID-19 વધતું રહ્યું છે. આપણે અહીં Lakeridge Healthમાં હૉસ્પિટલમાં દાખલ થનારા COVID-19નાં દર્દીઓમાં વધારો થવાની શરૂઆત પણ જોઈ રહ્યાં છીએ.

આ વધતા જતા સંક્રમણનાં દરો ચિંતાજનક છે તેમજ તેઓ આપણી સ્વાસ્થ્યની પ્રણાલી, આપણું અર્થતંત્ર અને વ્યક્તિગત રીતે આપણી સામે ખતરો ઊભો કરે છે. તેઓ આપણા સહુ માટે મૂળભૂત Coronaના રોગ સામે પહેલાં કરતાં પણ વધુ સખતપણે કૃતનિશ્ચયી બનીને સામનો કરવા માટે પ્રેરે છે - આપણાં પારિવારિક વર્તુળની બહાર શારીરિક અંતર જાળવવું, માસ્ક પહેરવાં અને વારંવાર આપણા હાથ ધોયા કરવા જોઈશે.

આ મૂળભૂત સુરક્ષા માટેની પદ્ધતિઓ COVID-19નાં ફેલાવામાં ઘટાડો કરવામાં અસરકારક સાબિત થઈ છે, જેનાંથી આપણે આપણી જાતને, પરિવારને, મિત્રોને અને સહ-કર્મચારીઓને સુરક્ષિત રાખી શકીએ છીએ. સમુદાયમાં ચિંતાજનક પ્રમાણમાં વધતા જતા કેસોને ઓછા કરવા તેમજ પરીસ્થિતિને ઉલટાવવા માટે, એ મહત્ત્વપૂર્ણ છે કે આપણે આપણા સામૂહિક પ્રયાસોમાં ફરીવાર ધ્યાન કેન્દ્રિત કરીએ.

## Lakeridge Healthની મુલાકાત લેવી

એની ખાતરી રાખવા કે અમે અમારા દર્દીઓને અને સંગઠિત જૂથને સુરક્ષિત રાખી શકીએ, અમે અમારી હૉસ્પિટલોમાં COVID-19નાં લક્ષણો ધરાવનારાઓ અથવા તેનાં સંપર્કમાં આવનારાઓ તમામને સ્ક્રીન કરવાનું ચાલુ રાખીએ છીએ. **એ યાદ રાખવું મહત્ત્વપૂર્ણ છે કે Lakeridge Health કેન્દ્રમાં દાખલ થનાર પ્રત્યેક વ્યક્તિએ માસ્ક પહેરેલું હોવું જ જોઈએ.**

## Lakeridge Health સેવાઓ

સ્પ્રિંગ અને સમરમાં રોગચાળાનાં પ્રથમ વેવ (શરૂઆતના ગાળામાં કોઈ ચોક્કસ જૂથને અસર કરતા રોગચાળા) દરમિયાન કેટલીક સેવાઓમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયા પછી, અમે અમારા સમગ્ર હૉસ્પિટલોનાં સ્થળોએ જેટલી શક્ય બની શકે તેટલી જલદી અમારી સેવાઓની પ્રવૃત્તિઓમાં સાવચેતીથી વધારો કરવાનું શરૂ કર્યું છે. આમાં શસ્ત્રક્રિયાઓ અને ફરતી સેવાઓનો સમાવેશ થાય છે.

જો હૉસ્પિટલમાં દર્દીઓનાં કેસોની સંખ્યામાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો થવાને કારણે જરૂરી બને, તો જેવી રીતે આપણે વેવ 2 (રોગચાળા દરમિયાન વિકસી શકે તેવી ચેપની ઘટનાઓ) માટે આયોજન કરી રહ્યાં છીએ, તેવી જ રીતે આપણે એવી યોજના પણ વિકસાવી રહ્યાં છીએ જે પ્રબળતામાં, પ્રમાણમાં અને દરમાં ઘટાડો કરી શકે છે અથવા તો કેટલીક

પ્રવૃત્તિઓમાં ઘટાડો કરી શકે છે. શસ્ત્રક્રિયા અને અમારી COVID-19 સાથે સંબંધિત પ્રોટોકૉલ્સ માટે વધુ માહિતી જોઈતી હોય, તો આ લિન્કની મુલાકાત લો.

**પ્રાદેશિક પ્રતિભાવ**

સપ્ટેમ્બરમાં, શાળાઓએ નવી પ્રાંતીય માર્ગદર્શિકાઓને અનુસરીને વિદ્યાર્થીઓનું ફરીવાર સ્વાગત કર્યું હતું જેથી કરીને શાળાઓ વિદ્યાર્થીઓને વર્ગમાં તેમજ રિમોટ લર્નિંગ (દૂરવર્તી ભણતર)ના સંયોગીકરણ વડે અભ્યાસના વાતાવરણમાં સુરક્ષિત રીતે પાછા ફરવામાં સહાયરૂપ નીવડી શકે. Lakeridge Health અને અમારા સહભાગીઓ સમગ્ર પ્રદેશમાં Durham Region Health Department (ડરહમનાં ક્ષેત્રના આરોગ્ય વિભાગ)ને કાર્ય કરવા માટે સક્ષમ બનાવી રહ્યા છે જેઓ ડરહમની શાળાઓમાં COVID-19નાં સ્થાનિક વધારા સામે પ્રતિક્રિયા કરવા નેતૃત્વ કરી રહ્યા છે.

**COVID-19નું પરીક્ષણ**

છેલ્લા કેટલાક અઠવાડિયાથી, પ્રાંતભરમાં COVID-19નું પરીક્ષણ કરવા માટેની માગમાં મોટા પ્રમાણમાં વધારો જોવા મળ્યો છે, જેમાં ડરહમનાં ક્ષેત્રનો સમાવેશ થાય છે. ઉનાળાના સળંગ મહિનાઓમાં આશરે 300થી 400 દર્દીઓએ દૈનિક ધોરણે પરીક્ષણ કરાવવા માટેની વિનંતી કરી હતી. પાછલા સપ્તાહમાં, પરીક્ષણ કરાવવા માટેની દરરોજની વિનંતીઓ 2,300 પ્રતિ દિનની ચરમ સીમા સુધી પહોંચી ગઈ હતી.
માંગમાં વૃદ્ધિ થવાથી, એવી નવી પ્રાંતીય પરીક્ષણ માટેની માર્ગદર્શિકાઓ સમગ્ર ઑન્ટારિયોમાં COVID-19નાં મૂલ્યાંકન કેન્દ્રોમાં ઉચ્ચ-સ્તરીય જોખમ ધરાવતા દર્દીઓ માટે અમલી બનાવવામાં આવી છે જે પરીક્ષણોને પ્રાધાન્યતા આપતી હોય.

**જે દર્દીઓ COVID-19નાં પરીક્ષણ માટે પાત્ર હોય તેમણે નીચે પૈકીનું કોઈ પણ એક ધરાવવું જ જોઈએ:**

COVID-19નાં લક્ષણો. COVID-19 સાથે સંબંધિત લક્ષણો માટે આ લિન્કની મુલાકાત લો;
COVID-19 ઍપ નોટિફિકેશન ઑફ એક્સપોઝર (સંપર્કમાં આવવા માટેની જાણ)નું એલર્ટ (સાવચેત રહેવા અંગેની સૂચના)ને પ્રાપ્ત કરી હોય. (કૃપા કરીને Ontario.ca/covidalert સ્થિત ઍપ ડાઉનલોડ કરો (જો તમે તેને ક્યારનીય કરી લીધી ન હોય તો);
એવા સ્થાન પર વસવાટ કરવો કે રહેવું જ્યાં Coronaની મહામારી એકદમથી ફાટી નીકળી હોય, અને તે અંગેનું પરીક્ષણ કરાવવા માટે લોક સ્વાસ્થ્ય દ્વારા દિશાનિર્દેશ જાહેર કરવામાં આવ્યો હોય તો;
લાંબા ગાળાની સંભાળના કેન્દ્રમાં, રિટાયર્મેન્ટ હોમ (નિવૃત્તિ ઘર)માં, આશ્રય ઘરમાં, જૂથ ઘરમાં અથવા અન્ય વયોવૃદ્ધ સંભાળ કેન્દ્રમાં/વહેંચાયેલ આવાસના માળખાંના કેન્દ્રમાં કામ કરતા હો કે રહેતા હો તો;
જો કોઈ જૂથનાં ચોક્કસ ભાગને આરોગ્ય મંત્રાલય, લાંબા ગાળાની સંભાળ માટેનું મંત્રાલય અથવા લોક સ્વાસ્થ્ય દ્વારા પરીક્ષણ કરાવવા માટે લક્ષ્યાંકિત બનાવવામાં આવ્યું હોય તો.

તમારા પરીક્ષણની પાત્રતા અંગેની વધુ માહિતી માટે, કૃપા કરીને Lakeridge Healthના COVID-19 માહિતી પાનાંની મુલાકાત લો.

**પરીક્ષણ અને/અથવા મૂલ્યાંકન કરાવવા માટે કેવી રીતે મુલાકાતનું આયોજન કરવું**

પરીક્ષણ કરાવવા માટે અને, જો જરૂર પડે તો, મૂલ્યાંકન કરાવવા માટે, ઑનલાઈન પત્રકને પૂર્ણ કરવા માટે covidswab.lh.ca પર જાવ. તમારી આયોજિત મુલાકાત માટેની સૂચનાઓ તમને આપોઆપ ઈમેઈલ કરવામાં આવશે. જો તમે કૉમ્પ્યુટર અથવા વાઈ-ફાઈ ધરાવતા ન હો, તો 1-800-841-2729 પર સહાયતા માટે DRHDનો સંપર્ક કરો. તમારી મુલાકાતનું આયોજન સમગ્ર ડરહમમાં આવેલાં COVID-19નાં મૂલ્યાંકન કેન્દ્રો પૈકીનાં કોઈ એક

કેન્દ્રમાં બુક (નક્કી) કરવામાં આવશે. જે કોઈ દર્દી ગંભીર લક્ષણો ધરાવતો/ધરાવતી હોય તો તેણે/તેણીએ કાં તો અમારા ઈમર્જન્સી વિભાગો પૈકીનાં કોઈ એક વિભાગમાં જવું જોઈએ અથવા 911 પર કૉલ કરવો જોઈએ.

**એ મહત્ત્વપૂર્ણ છે કે જો તમે કોઈ એવા પરીક્ષણ માટે મુલાકાતનું આયોજન બુક (નક્કી) કર્યું હોય જેની તમારે હવે પછી જરૂર ન હોય, તો કૃપા કરીને તમારી આયોજિત મુલાકાતને રદ કરો જેથી કરીને અમે અન્ય કોઈ દર્દી, જે જોખમમાં હોય, તેને નામે ફરીવાર કરી શકીએ.**

**ફાર્મસીઝ પર પરીક્ષણ કરાવવું**

કેટલીક ફાર્મસીઓ હવે લક્ષણો વિનાના દર્દીઓ માટે COVID-19નું પરીક્ષણ કરાવવા માટેની તક આપે છે જેમને COVID-19નું પરીક્ષણ કરાવવાની જરૂર છે. પરીક્ષણ કરાવવા માટેની પાત્રતા અંગેની, કેવી રીતે પરીક્ષણ બુક (નક્કી) કરાવવું તે અંગેની તેમજ તમારા નિવાસની નજીકના ફાર્મસીનાં સ્થળ શોધવા અંગેની માહિતી માટે Ontario.ca/covidtest ની મુલાકાત લો.

**પરીક્ષણનાં પરિણામો**

મોટા ભાગના કિસ્સાઓમાં દર્દીઓ તેમનાં પરીક્ષણોમાંથી પરિણામો 3-5 દિવસોમાં પ્રાપ્ત કરે છે. તેમ છતાં, રાહ જોવાના સમયમાં ફેરફાર થઈ શકે છે અને વધુ સમય લાગી શકે છે. જો આ સમયાવધિ વધ્યા પછી Ontario.ca દ્વારા તમે તમારા પરિણામોને શોધવામાં અસમર્થ નીવડો, તો તમે 905- 721-4842 સ્થિત COVID મૂલ્યાંકન કેન્દ્રમાં કૉલ કરી શકો છો. કૉલ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો હોવાને કારણે, કૃપા કરીને ધીરજ રાખો. પરીક્ષણનાં પરિણામોની રાહ જોતી વખતે વાઈરસના ફેલાવાને અટકાવવામાં મદદરૂપ બનવા માટે, એ બાબત અત્યંત મહત્ત્વપૂર્ણ છે કે પબ્લિક હેલ્થ દ્વારા સંક્ષેપમાં વર્ણન કરવામાં આવેલી તમામ જાતે અલગ રહેવા માટેનાં રૂપરેખાંકનોને અનુસરો.

જેમ-જેમ આપણે આ વૈશ્વિક રોગચાળા સામે લડવાનું ચાલુ રાખીએ છીએ તેમ-તેમ અમે એ બાબતે પ્રતિબદ્ધ છીએ કે આપણા સમુદાયને નવીનતમ માહિતીથી વાકેફ કરવામાં આવતા રહે. કૃપા કરીને Lakeridge Healthનાં COVID-19 માહિતી અંગેનાં પાનાંને તમે તપાસવાનું ચાલુ રાખો કારણ જેમ-જેમ અમને નવી માર્ગદર્શિકાઓ અને નવીનતમ માહિતી પ્રાપ્ત થતી જશે તેમ-તેમ અમે તમને તેનાંથી વાકેફ કરતા જઈશું.

આપણે જેમ-જેમ આ અસહાય ક્ષેત્રમાં સાથે મળીને આપણી સફરનું આયોજન કરીએ છીએ, તેમ-તેમ અમને તમારું જે અડગ સમર્થન અને સહાનુભૂતિ મળી રહ્યાં છે એ દર્શાવવા બદલ તમારો આભાર.

કૃપા કરીને સુરક્ષિત રહો અને સ્વાસ્થ્ય સંભાળીને રહો,

Susan deRyk
વચગાળાના પ્રમુખ અને સી.ઈ.ઓ.

Dr. Tony Stone
કર્મચારી-વર્ગના અગ્રણી